No Pages to Display

☆

## હિંડોળાને
## 'આવકાર'માંથી

ભાઈ વસન્ત નાયક એક જાણીતા બાલશિક્ષક છે. બાળકોના જગત સાથે તે સહેલાઈથી ઓતપ્રોત થઈ શકે છે....

ભાઈ વસન્ત નાયક શિક્ષક હોવા ઉપરાંત એક કુશળ બાલગાયક છે. જેમ જેમ પ્રસંગો આવતા ગયા તેમ તેમ બાળકોના રુચિતંત્રને અનુકૂળ શબ્દસંગીત તે સર્જવા લાગ્યા.... 'હિંડોળો' શ્રી વસન્ત નાયકના આ પ્રયત્નોની પરંપરા જાળવે છે....

બાળકોની વચ્ચે બેસી પોતાની મધુરે હલકે ગાતાં ગાતાં તેમને સંગીતમુગ્ધ બનાવી નાચતાં કરી મૂકવાં એમાં તેમણે પોતાની કૃતકૃત્યતા લેખી છે. યોગ્ય અધિકારીઓના હાથમાં 'હિંડોળા'નાં આ ગીતો રમતાં થઈ જતાં આ પરિણામ અવશ્ય સાધી શકાય.

સ્નેહરશ્મિ

☆

શારદામંદિર - બાલમંદિર
તા. ૯-૨-૧૩.

# હિંડોળો

૨૭૬

[ નવાં બાલગીતો ]

[ શ્રી 'સ્નેહરશ્મિ'ના આવકાર સાથે ]

: રચનાર :

**વસન્ત નાયક**

૦ નવ આના ૦

: પ્રકાશક :

ઘરશાળા પ્રકાશનમંદિર

ભાવનગર

વસન્ત નાયક
૮ આનન્દનગર
અમદાવાદ ૭

○

બેસતું વર્ષ : ૨૦૦૫

પ્રથમ આવૃત્તિ : ૨-૧૧-'૪૮ : પ્રત ૧૬૦૦

[ સર્વ હક્ક લેખકને સ્વાધીન ]

○

: મુદ્રક :
હરભાઈ ત્રિવેદી
ઘરશાળા મુદ્રણાલય
ભાવનગર

નામ:

ગામ:




કોઈને વહાલી પીપુડી
કોઈને વહાલું વાજું
મુજને વહાલી ચોપડી
હોંસે હોંસે વાંચું

## ☆ ઝૂલા ☆


૧ બાળમંદિરનાં બાળકો . . . ૯
૨ મારે આંગણ . . . . . ૧૦
૩ ઊંચે આભમાં . . . ૧૧
૪ ગરબે રમવા . . . ૧૨
૫ નાચો નાચો . . . ૧૩
૬ સૌને મન ભાવતી . ૧૪
૭ કોયલડી . ૧૫
૮ ફુવારો . . . ૧૬
૯ વસન્ત ઋતુ . . . ૧૭
૧૦ ચાલો . . . ૧૮
૧૧ ચાડિયો ખેડયો . ૧૯
૧૨ જીવનનું મૂલ . . . ૨૧
૧૩ દીઠી તમે ? . . ૨૨
૧૪ તયાર રહો . . ૨૩
૧૫ સાંભરે . . . ૨૪
૧૬ કહે કયાં ? . . . ૨૫

| | | |
|---|---|---|
| ૧૭ ત્યાં જઇ | . . . . | ૨૬ |
| ૧૮ શાને કહો ? | . . | ૨૭ |
| ૧૯ ફૂલડાં ગમે | . . | ૨૮ |
| ૨૦ નવી નિશાળ | . . | ૨૯ |
| ૨૧ હંસલો બતાવ | . . | ૩૦ |
| ૨૨ કવિતા રચવી છે | . | ૩૧ |
| ૨૩ મેહુલો ઝરે | . . . . | ૩૨ |
| ૨૪ ઊડે કનકવા | . . | ૩૩ |
| ૨૫ તો કેવું ? | . . | ૩૪ |
| ૨૬ પોપટજી | . . . . | ૩૫ |
| ૨૭ સવાર થઇ | . . | ૩૬ |
| ૨૮ શૂરવીર બહાર પડે | . | ૩૭ |
| ૨૯ ચીડિયા ખાને | . . | ૩૮ |
| ૩૦ આવી આ વસન્ત | . | ૪૦ |
| ૩૧ હિંડોળો | . . . . | ૪૧ |

: મોટેરાંને :

| | | |
|---|---|---|
| ૧ આવકાર | શ્રી ' સ્નેહરશ્મિ ' | ૪૨ |
| ૨ બે બોલ | રચનાર | ૪૪ |


# સ્મરણાંજલી

☆

**બાલગીતો** રચવામાં અને પ્રેરણા, પાઠ અને પ્રોત્સાહન આપનાર અમો સૌ મિત્રોના પ્યારા સ્વ૦ પ્રભુભાઈ ગુજરાત વિદ્યાપીઠના વિનીત થઈ શાન્તિનિકેતનના સ્નાતક થયા. સ્નાતક થયા પછી શાન્તિનિકેતનમાં જ રહી સંશોધન-કાર્યમાં ઊંડા ઊતર્યા; પાલી, પ્રાકૃત અને ટીબેટનો અભ્યાસ વધાર્યો. અને ટીબેટમાંથી એક ઉત્તમ ગ્રંથને સંસ્કૃતમાં ઉતારવા તથા છાપવા માંડ્યો. પણ તેવામાં જ એઓ શારીરિક યાતનામાં સપડાયા.

**આઠદસ** વર્ષની હિમ્મતભાંગે એવી લાંબી પીડા-જનક પથારીએ પડીને પણ, સાધુસમી શાન્તિ ને સ્થિરતા જાળવી વિદ્યાવ્યાસંગ અને સાહિત્યસર્જન એમણે ચાલુ જ રાખ્યાં. 'પ્ર'ના નામથી એમની વિદ્વાન, અભ્યાસી ને નિરાળી શૈલીવાળી કલમ, એમના અકાળ અવસાનને લીધે અટકી ન હોત તો ગુજરાતના અગ્રગણ્ય સાહિત્યકારોમાં એઓ આજે અચૂક બિરાજતા હોત.

વસન્ત નાયક



# બાલમન્દિરનાં બાળકો

હાં રે અમે બાલમન્દિરનાં બાળકો.

અમે દટ્ટાની પેટીઓ ખેલીએ,
અમે બંગલાઓ બાંધીએ ને તોડીએ,
અમે મોતીની માળા બનાવીએઃ હાં રે૦

અમે ચિત્રો દોરીને રંગ પૂરીએ,
અમે ગીતો ગાઇને રાસ ખેલીએ,
અમે રમી જમીને ખૂબ કૂદીએઃ હાં રે૦

બોલે પોપટ અમે એમ બોલીએ,
મોર નાચે અમે એમ નાચીએ,
ગાય કોયલ અમે એમ ગાઇએઃ હાં રે૦

અમે કાગળની હોડી બનાવીએ,
અમે લાકડીની ઘોડી દોડાવીએ,
અમે બાળકની ગાડી ચલાવીએઃ હાં રે૦

હિંડોળો

## મારે આંગણુ

મારે આંગણુ ઊગ્યા ફૂલછોડવા,
એ તો ફૂલડે લળી લળી જાય રે,
ફૂલડાંની ફોરમ ફોરે ઘરગામમાં.

મારે આંગણુ ઊગ્યા છે આંબલા,
આંબે આંબે કોલયના વાસ રે,
કોયલના ટહુકા ગાજે ઘરગામમાં.

મારે આંગણુ ઊગ્યો છે ચાંદલો,
એ તો ચમકે ચંદાની સાથ રે,
ચાંદનીનાં ગીતો ગવાય ઘરગામમાં.

મારે આંગણુ આનંદની હેલીઓ,
મારે હૈયે હરખ નહિ માય રે,
આનંદની હેલી રેલાય ઘરગામમાં.

હિંડોળો.

## ઊંચે આભમાં

હાં રે મારે જાવું છે આજ,
ઊંચે ઊંચે પેલા આભમાં.

વાદળાંની ગાડલી ને વાયરાના ઘોડલા,
રથડા હંકારી ફરૂં ઊંચેરા આભલા:
હાં રે મારે૦

ચમકંતો ચાંદલો ને ટમકંતા તારલા,
વીણી વીણી છાબ ભરું રૂપેરી હીરલા:
હાં રે મારે૦

સંધ્યાના લાલ પીળા રંગે ભરું વાડકા,
લાવી દઉં બા કહેશે આવ મારા લાડકા:
હાં રે મારે૦

હિંડોળો

## ગરબે રમવા

નીકળ્યાં ગરબે રમવાને અમે ચોકમાં.
નીકળ્યાં નાનાં નાનાં બાળ,
ગીતડાં ગાવા રસાળ,
નીકળ્યાં ગરબે રમવાને અમે ચોકમાં,

નાના નાના હાથેથી તાલી અમે આપતાં.
ખંજરીનો સાથે ખણુણાટ,
મંજીરાંના ઝણુકે ઝણુણાટ,
નીકળ્યાં ગરબે રમવાને અમે ચોકમાં.

નાની નાની પગલીઓ પાડી અમે ખેલતાં.
ઝાંઝરીના વાગે ઝણુકાર,
ઢોલકના સાથે ઢમકાર,
નીકળ્યાં ગરબે રમવાને અમે ચોકમાં.

હિંડોળો

## નાચો નાચો

નાચો નાચો રે છોકરાંઓ નાચો નાચો.
નાચો નાચો રે છોકરાંઓ નાચો નાચો.

વાદળ ઘૂમતી વીજળી નાચે,
ગાજે મેહુલિયો;
રાતદિવસ મોજાંઓ નાચે,
ઘુઘવે સમદરિયો : નાચો૦

વનમાં હરણાં ઝરણાં નાચે,
વાગે વાંસલડી;
જળમાં ચાંદો તારા નાચે,
રાચે આંખલડી : નાચો૦

વાડામાં વાછરડાં નાચે,
ગાયો કરતી ગેલ;
મોર કળા કરી થૈ થૈ નાચે,
રીઝે રાણી ઢેલ : નાચો૦

ઘરમાં ભાઈ ને બેની નાચે,
મીઠાં ગીતો ગાય;
દેખી બાનું દિલડું નાચે,
બાપુજી મલકાયા : નાચો૦

હિંડોળો

## સૌને મન ભાવતી

આવી વસન્તઋતુ
આવી વસન્તઋતુ

પાંદડાંએ પાંદડાંએ પગલાંઓ પાડતી,
ફૂલડાંએ ફૂલડાંએ મુખડાં મલકાવતી;
ફોરમ ફેલાવતીઃ આવી૦

રંગરંગી પાંખે પતંગિયાં ઉડાવતી,
ભમરા ને માખીઓ ગૂં ગૂં ગુંજાવતી;
રંગો રેલાવતીઃ આવી૦

કલબલતાં પંખીઓ ડાળે ઝુલાવતી;
આંબે છુપાયેલી કોયલ ટહુકાવતી;
કૂંજો ગજાવતીઃ આવી૦

સાબર હરણાંને ઝરણકાંઠે કુદાવતી,
સરવરની પાળે ઢેલમોરલા નચાવતી;
સૌને મન ભાવતીઃ આવી૦

હિંડોળો

# કોયલડી

આંબાડાળે કૂજે પેલી કોયલડી,
કુહૂ કુહૂ કરતી,
હીંચકે ઝૂલતી;
આંબાડાળે કૂજે પેલી કોયલડી.

મીઠા સંગીતની ત્યાં રેલ વહે,
પવન સૂર પૂરે,
ઝૂલો ઝોલે ચડે;
આંબાડાળે કૂજે પેલી કોયલડી.

એ તો વસન્તનાં ગીતો ગાતી,
મધુ કંઠ થતી,
સહુને ગમતી;
આંબા ડાળે ઝૂલે પેલી કોયલડી.

હિંડોળો

# ફુવારો

આજ મારા બાગે ફુવારો ઊડે આભમાં.

ઝીણાં ફોરાં છંટાય,
જળમાં લહરી લહેરાય;
ઊડે આનંદની છોળ મારા બાગમાં.

આજ મારા બાગે ફુવારો ઊડે આભમાં;
કરે પંખી કલબલાટ,
રમે બાળ કિલકિલાટ;
સાતરંગી ધનુષ નાચે કૂંડમાં.
આજ મારા બાગે ફુવારો ઊડે આભમાં.

હિંડોળો

## વસન્તઋતુ

ચાલોને બાળકો નાચીએ ને કૂદીએ,
ઋતુ વસન્તનો રસ લૂંટીએ.

આવી વસન્ત ને લાવી સુન્દરતા,
જળ ઝરણાંના ખળખળ વહે.

ઝાડ પાન ફૂલ ફળ ખીલેને ઝૂલે,
ઊડે પતંગિયાં ભમરા ગુંજે.

આંબાની ડાળે મહેકે છે મોર બહુ,
કોયલરાણી મીઠાં કૂજન કરે.

મોરલા કળા કરી ટહુકે ને નાચે,
આપણાં યે હૈયાં નાચી રહે.

ચાલોને બાળકો નાચીએ ને કૂદીએ,
ઋતુ વસન્તનો રસ લૂંટીએ.

હિંડોળો

# ચાલો

ચાલો નાનકડા બાગ મહીં
નાનાં નાના ક્યારા કરી
ફૂલડાંના છોડ રૂડા રોપીએ જીરે.

ચાલો નાનકડી ઝારી ધરી,
ક્યારે ક્યારે પાણી ભરી,
ફૂલડાંના છોડ કંઈ ઊછેરીએ જીરે.

ચાલો નાનકડી છાબ ભરી,
ફૂલડે સૌને વધાવી,
જગને સુવાસિત કરીએ જીરે.

હિંડોળો

# ચાડિયો ખોડયો

ચાડિયો ખોડયો ચાડિયો ખોડયો,
ચાડિયો ખોડયો રે;
ધના પટેલે ખેતરમાં એક,
ચાડિયો ખોડયો રે.

જાડો મોટો ઝભ્ભો પે'રાવી,
માથે મોટો ટોપો ચડાવી,
કરવા ખેતરની રખવાળી,
ચાડિયો ખોડયો રે, ચાડિયો ખોડયો રે.

હિંડોળો

પ્રાણીપંખી ભાગી જાશે,
ખેતર ઘેર બેઠાં સચવાશે,
અક્કલની બલિહારી ગણાશે,
મનમાં બોલ્યો રે, ચાડિયો ખોડયો રે.

લીલો મોલ ને લીલી વાડી,
ખળાં ભરાવશે ધરતીમાડી,
જોવા ચાડિયાની રખવાળી,
પટેલ આવ્યો રે, ચાડિયો ખોડયો રે.

પંખીઓનો જામેલો મેળો,
ઉંદર–ખિસકોલી ના ખેલો,
ચાડિયો જોતો સ્થિર ઊભેલો,
પટેલ રોયો રે, ચાડિયો ખોડયો રે.

હિંડોળો

## જીવનનું મૂલ

ફૂલો પાસે હસવું, ગાવું,
કોકિલ પાસે લઈએ;
સારસ પાસે હળીમળીને,
સાથી બનવું ગ્રહીએ.

વેલ અને ઝાડોની પાસે,
સંપનો સદ્‌ગુણ લઈએ;
તરુની નમતી ડાળો પાસે,
સૌને નમવું ગ્રહીએ.

પૃથ્વી પાસે ધીરજના ગુણ,
ગ્રહીને સેવા કરીએ;
જાત બાળી અજવાળું કરવું,
દીવા પાસે ગ્રહીએ.

અવગુણથી કદી નહિ અભડાવું,
સદા યે સાવધ રહીએ;
ગુણોમાંથી ગુણો લઈને,
જીવનનું મૂલ ગ્રહીએ.

હિંડોળો

# દીઠી તમે ?

દીઠી તમે ? દીઠી તમે ? દીઠી તમે ?

હોડલી આ હોડલી,
મારી કાગળની હોડલી;
એ તો સરસરસર જાય,
પેલા સાગરની માંય: દીઠી૦

ઘોડલી આ ઘોડલી,
મારી લાકડીની ઘોડલી;
એ તો દડબડ દે દોટ,
મૂકી દોટ કૂદે કોટ: દીઠી૦

ગાડલી આ ગાડલી,
મારી સાંઠાની ગાડલી;
એ તો રૂમઝુમતી જાય,
સીમ-સીમાડા માંય: દીઠી૦

પાલખી આ પાલખી,
મારા હાથોની પાલખી;
એ તો હીંચોળા ખાય,
ઊંચે આકાશે જાય: દીઠી૦

હિંડોળો

## તૈયાર હો

તૈયાર હો હોશિયાર હો,
લલકાર દો સૌ બાળકો,
ફરવા જવા, રમવા જવા, ઊડવા જવા તૈયાર હો.

કોઇ ફરે છે પોળમાં,
કોઇ ફરે ભાગોળમાં,
પણ આપણે ફરવા જવું વગડાવને તૈયાર હો.

પંખી રમે છે ઝાડમાં,
ઝરણાં રમે છે પહાડમાં,
પણ આપણે રમવા જવું આકાશમાં તૈયાર હો.

ઘોડી ઊભી છે વાટમાં,
હોડી નદીના ઘાટમાં,
પણ આપણે ઊડવા જવું વિમાનમાં તૈયાર હો.

હિંડોળો

# સાંભરે

ઉષા જોઉં ને અરુણ સાંભરે,
સાંભરે રે નવરંગી રંગોળી સાથિયા,
પંખી ગાતાં પરભાતિયાં: સાંભરે૦

રાત્રી જોઉં ને ચન્દ્ર સાંભરે,
સાંભરે રે ટમટમતાં તારાનાં ઝૂમખાં,
ઘુઘવતા દરિયાનાં ગીતડાં: સાંભરે૦

વાદળ જોઉં ને વીજ સાંભરે,
સાંભરે રે રંગી કમાન રામબાણની,
શોભા કળાયલ મોરની: સાંભરે૦

ડુંગર જોઉં ને નદી સાંભરે,
સાંભરે રે ઊંચા શિખર ઊંચા ટેકરા,
ઝરણાં નાચે રૂમઝુમતાં: સાંભરે૦

હિંડોળો

## કહે ક્યાં ?

પ્રભુ તું ક્યાં હશે ?
કહે ક્યાં તું વસે ?

કો કહે તું રહે ઉષા અંગમહીં,
ફૂલે ગંધમહીં, પાંખે રંગમહીં;
કહે ત્યાં તું વસે ?

કો કહે તું વસે સૂર્યના રથમાં,
તારાના તટમાં, ચન્દ્રના પથમાં;
કહે ત્યાં તું વસે ?

કો કહે તું કેવ કોકિલા–કંઠમાં,
નદીના નીરમાં, વાયુમાં, વનમાં;
કહે ત્યાં તું વસે ?

જગ આખું મળે તને શોધી વળે,
તારે પાયે પડે, તો યે તું ન જડે;
કહે ક્યાં તું વસે ?

હિંડોળો

# ત્યાં જઈ

મારે ત્યાં જઈ જોવું છે,
ઝરતાં ઝરણાંના હિલ્લોલ;
ફૂલની વેલીના હિંડોળ,
પંખીનાં ગીત ને કિલ્લોલ.

મારે ત્યાં જઈ જોવું છે,
વાદળમાં એ ઘૂરકે કોણ ?
વીજળીને સળગાવે કોણ ?
રંગે મેઘધનુને કોણ ?

મારે ત્યાં જઈ જોવું છે,
પેલા ચાંદાનો ચમકાર;
ટમટમ તારાનો પલકાર,
ઝગમગ ઉષાનો ઝબકાર.

મારે ત્યાં જઈ જોવું છે,
જ્યાં ના કોઇ ગયેલું હોય;
જ્યાં ના કોઇ રહેતું હોય,
જ્યાંથી કોઇ જ દૂર ન હોય.

હિંડોળો

## શાને કહો ?

પેલાં ઊડે પતંગિયાં ફૂલડાં પર,
ઘેલાં દોડે છે જીવડાં દીવડા પર.
નહિ રોકયાં રોકાય,
વારે વારે ત્યાં જાય,
શાને કહો ? શાને કહો ?

કોઇ કહેતું ના ગાઓ કોયલને,
કોઇ કહેતું ના નાચો મોરલાને.
નહિ રોકયાં રોકાય,
વારે વારે નાચે ગાય,
શાને કહો ? શાને કહો ?

રાત પૂરી ને ઉષા તૈયાર રહે,
દિન પૂરો ને સંધ્યા હાજર રહે.
નહિ રોકયાં રોકાય,
વારે વારે આવે જાય,
શાને કહો ? શાને કહો ?

હિંડોળો

## ફૂલડાં ગમે

ફૂલડાં ગમે મને ફૂલડાં ગમે,
ફૂલડાંની વાડીઓમાં ફરવું ગમે.

વેલી વેલીએ ફૂલ ઝૂલ્યા કરે,
ડાળી ડાળીએ ફૂલ મે'ક્યા કરે,
તોડી તોડી એ મને સૂંઘવાં ગમે:
ફૂલડાં૦

ફૂલડાંની પાસે પતંગિયાં ભમે,
ભમરા ભમે, મધમાખી ભમે,
દોડી દોડી એ પકડવા ગમે:
ફૂલડાં૦

ફૂલડાંને અંગ રંગ ઉષા પૂરે,
સંધ્યા પૂરે પેલી ચંદા પૂરે,
વીણી વીણી એ ખોળે ભરવા ગમે:
ફૂલડાં૦

હિંડોળો

# નવી નિશાળ

રોજ રોજ વાડીમાં ઝાડવાંને છાંયે,
શાળા બેસાડી ભણાવે તો ભાઈ,
ભણવાની કેવી મજા.

રોજ રોજ દરિયે કે નદીઓને કાંઠે,
છીપલી ને કોડીઓ ગણાવે તો બેની,
ગણવાની કેવી મજા.

રોજ રોજ તારલા ને ચાંદલાના ચોકે,
સારી સારી વાતો સુણાવે તો ભાઈ
સુણવાની કેવી મજા.

રોજ રોજ કાચ જેવા પાણીએ ભરેલાં,
સરવરની પાળે રમાડે તો બેની,
રમવાની કેવી મજા.

હિંડોળો

# હંસલો બતાવ

હંસલો બતાવ મા, મને હંસલો બતાવ.
મોતી ચરંતો, ચાલે મલપતો,
હંસલો બતાવ મા, મને હંસલો બતાવ.

ગંદી તલાવડીમાં તરતાં ફરે,
તેતો બતક અને બગલાં અરે,
કાદવમાં હંસલો ન કોદી ફરે,
હંસલો બતાવ મા, મને હંસલો બતાવ.

રબરનો હંસલો છે તે ના રમે,
ચિત્રોમાં હંસલો છે તે ના ગમે,
જીવતો જોવા માગું ક્યાં એ ભમે?
હંસલો બતાવ મા, મને હંસલો બતાવ.

આઘે આઘે જો હંસ ઉડ્યા કરે,
આપણ વચ્ચે ન જો એ આવે ફરે,
તો મા, એને તે કોણ ઓળખે કહે,
હંસલો બતાવ મા, મને હંસલો બતાવ.

હિંડોળો

## કવિતા રચવી છે

આનંદે ઉર છલકે મલકે,
મનમાં કંઇ કંઇ થાય ઉમળકે,
મારે કવિતા રચવી છે-લખવી છે.

તારા ટમકે ચાંદો ચમકે,
ઝરણાં ઝમકે ફૂલડાં મલકે;
પતંગિયાંની પાંખો ચળકે,
એ દેખી મન મારું મલકેઃ મારે૦

વસન્ત આવે કોયલ ગાવે,
વર્ષા આવે મોર નચાવે;
ગરબે ગરબે શરદ રમાવે,
એ સૌ મારું મન મલકાવેઃ મારે૦

બિલ્લી-ઉંદર ઘરમાં ખેલે,
સસલાં હરણાં વનમાં ગેલે;
ઝાડ ઉપર પંખી કિલ્લોલે,
દેખી મારું મનડું ડોલેઃ મારે૦

હિંડોળો

# મેહુલો

વરસે છે મેહુલો રૂમક ઝુમ ઝુમ:
આ અષાડી વાદળાંઓ કાળાં કાળાં બૂમ,
દોડે એ ઉતાવળાં ને મારે મોટી બૂમ:
વરસે છે મેહુલો૦

મોટાં મોતી જેવડાં આ ફોરાં પડે ભોમ,
ભીંજાયેલી ભૂમી ખૂબ સોડે રોમ રોમ;
વરસે છે મેહુલો૦

ઠંડાં પડે ઝાડવાં ને ઠંડાં પડે વન,
ઠંડા પડે ચાંદડાં ને ઠંડો પવન;
વરસે છે મેહુલો૦

નાચી ઉઠે મોરલાઓ થૈ થૈ મગન,
ભૂમિમાતા તાલ આપે ગાજે ગગન:
વરસે છે મેહુલો૦

હિંડોળો

# ઊડે કનકવા

ઊડે ક ન ક વા,
ધીમો વહે છે વા;
ઊડે ક ન ક વા.

દૂર દૂર આંબલા ને તાડોની ટોચ પર,
એથી યે દૂર દર વાદળાંની વાટ પર;

ઊડે ક ન ક વા,
ધીમો વહે છે વા;
ઊડે ક ન ક વા.

મારે ગુલાંટ દોટ દે દોડે આભલે,
સર સર સર જાય ઊડી ગગનને ગોખલે;

ઊડે ક ન ક વા,
ધીમો વહે છે વા;
ઊડે ક ન ક વા.

## તો કેવું?

હું તો નદી સરોવર લહેર કરવા હોડી હંકાવું,
છોડી લંગર સઢની સેર ફરફર ઊડતી મૂકાવું.
માછલી ઊડતી ફરતી એમાં,
જળકુકડીઓ તરતી એમાં;
ભય એને ન લગીર સાથે તરવાને જાવું,
તરતાં મોજ પડે એ મોજ નીત નીત હોયે તો કેવું?
મોજાંના નાના હીંચકાએ,
વેલ કમળની ઝોલા ખાયે;
વાયે મંદ સમીર તે પર ઝૂલવાને જાવું,
ઝૂલતાં મોજ પડે એ મોજ નીતનીત હોયે તો કેવું?
સરવરની વચ્ચે દીપલીઓ,
ત્યાં રમતી કાબર ચકલીઓ;
પાસે છે મન્દિર અંદર રમવાને જાવું.
રમતાં મોજ પડે એ મોજ નીત નીત હોયે તો કેવું?

હિંડોળો

## પોપટભાઈ

રૂપાનું હોય ભલે,
સોનાનું હોય ભલે,
રહેવાનું કેમ ગમે પાંજરે પૂરાઇ,
પોપટભાઇ પોપટભાઈ.

લીલી આ પાંખો,
કાળો આ કાંઠલો,
લાલ લાલ ચાંચકેરા રંગો સૂકાયા,
ઝાંખા થયા, ફીકા થયા.

બોલો છો રામરામ,
બોલો છો રાધેશ્યામ,
માણસના જેવું બોલી પંખીનાં ગીતડાં,
ચાલી ગયાં, ભૂલી ગયાં.

બેઠા બેઠાજ ખાઓ,
બેઠા બેઠાજ પીઓ.
બેસી બેસી ને ભાઈ પાંખોએ ઊડયાં,
ચાલી ગયાં, ભૂલી ગયા.

હિંડોળો

## સવાર થઈ

પરભાત થાય છે,
લાખ લાખ તારાના આગિયાની,
પાંખ બંધ થાય છે;
ચાંદલાના ચાંદીના કોડિયામાં,
તેલ પૂરું થાય છે,
રાત પૂરી થાય છે.

લાંબી લાંબી ઉષાની ચુંદડીમાં,
ભાતો પૂરાય છે;
નાની નાની ફૂલડાંની પાંદડીમાં,
રંગો છવાય છે;
કિરણ વેરાય છે.

ગોળ ગોળ ઝાકળનાં મોતીઓના,
હાર તૂટી જાય છે;
લાલ લાલ વાદળની ગાડલીના,
ઘોડા જોડાય છે,
સૂરજ દેખાય છે.

હિંડોળો

# શૂરવીર બહાર પડે

ડંકો ડમડમ ડમાક વાગે, ભ્રં ભ્રં શંખ ધમે,
ટનન ટનન ટન ઘંટા વાગે, ઢૂમ ઢૂમ ઢોલ ઢમે.

ઘર ઘર સાદ પડે,
શૂરવીર બહાર પડે.

ફરફર ફરફર નિશાન ફરકે, ધબધબ પાય પડે,
ડાબાજમણી ડાબાજમણી, પડથી સાથ પડે.

સૌને શૂર ચડે,
કો પાછા ન પડે.

જયહિંદ જયહિંદ ધૂન મચે છે સુંદર દેશગીતે,
છલકાતાં સમદરિયા જેવાં હૈયાં દેશ પ્રીતે.

શૂરવીર કૂચ કરે,
ડર કોનો ન કરે.

હિંડોળો

## ચીડિયાખાને

અમે તો ચીડિયાખાને ગયા'તાં,
જોવા રાણીબાગ ગયા'તાં,
મુંબઈ શહેરમાં,
આવી લહેરમાં.

અંગારા શી વાઘની આંખો,
ભાલા જેવા સિંહના દાંતો,
લાંબાં લાંબાં રીંછનાં મુખો,
ફાડો ખાય જો,
છૂટાં થાય તો.

મગર લાંબું પુચ્છ પછાડે,
માછલી રૂપલા પાંખ ઊઘાડે,
કાચબીઓ પગને સંતાડે,
બેઠાં હોજમાં,
ત્રણે મોજમાં.

હિંડોળો

દૂધમલ હંસ તળાવે તરતા,
બગલાં ધ્યાન ધરે ને ફરતાં,
ચકલા ચકલી માળે રમતાં,
ચણતાં ચાંચથી,
શોભે પાંખથી.

કૂદતા વાંદર ઝાડે ઝાડે,
હરણાં સસલાં વાડે વાડે;
ડુક્કર ફરતાં ખાડે ખાડે;
જોવાને ગમે,
જ્યારે એ રમે.

શાહમૃગનાં રંગીન છે પીંછાં,
જીરાફની પીઠ પર છે ચાંઠાં,
ઊંટો અંગ અઢારે વાંકાં,
રણ વેરાનમાં,
ત્રણે કામનાં.

## આવી આ વસન્ત

ઋતુ આવી આ વસન્ત-ફૂલડાંએ ભરી,
રૂડાં પાંદડે ભરી મીઠી ગંધે ભરીઃ
ઋતુ આવી૦

પેલાં ઝાડવે ને છોડવે દીવાઓ બળે,
એ ફૂલોની દિવાળી જોવા ભમરા મળેઃ
ઋતુ આવી૦

લોક શેરીએ શેરીએ ગુલાલે રમે,
ઝાડ ફૂલપાંદડે રંગે હોરીએ રમેઃ
ઋતુ આવી૦

મહેકે મીઠી મીઠી ગંધ જાણે સૂંઘ્યા કરીએ,
ગાય કોયલો ટુહૂક ટુહૂ ગાયા કરીએઃ
ઋતુ આવી૦

હિંડોળો

# હિંડોળો

કોઈ ઝૂલો તો હિંડોળો ઝૂલશે હો,
આવી નાચો તો હિંડોળો નાચશે હો,
બેસી ડોલો તો હિંડોળો ડોલશે હો.

ઝૂલે છે ઝાડવાં ને ઝૂલે છે પાંદડાં,
ઝૂલે છે ફૂલડાં ને ઝૂલે પતંગિયાં,
એ રીતે ઝૂલશો તો હિંડોળો ઝૂલશે હો.

નાચે તલાવડી ને નાચે છે હોડલી,
નાચે છે વાયરા ને નાચે છે વેલડી,
એ રીતે નાચશો તો હિંડોળો નાચશે હો.

ડોલે છે મેવલો ને ડોલે છે મોરલા,
ડોલે છે ચાંદલો ને ડોલે સમદરિયા,
એ રીતે ડોલશો તો હિંડોળો ડોલશે હો.

# આવકાર

**શ્રી વસન્ત નાયક** એક જાણીતા બાલશિક્ષક છે. બાળકોના જગત સાથે તે સહેલાથી ઓતપ્રોત થઈ શકે છે. વર્ષોથી એ જગતને તેમણે પોતાનું બનાવ્યું છે. એમાં વિહરતાં બાળકોની ઉર્મિઓ, બાળકોનાં સ્વપ્નાં અને તેમની કલ્પનાઓ સાથે તેમણે ઉંડો સમભાવ સાધ્યો છે. એમ કરતાં તેમણે બાળકોને શું શું ગમે છે તે જોયું છે, બાળકોને શું શું જોઈએ છે તે અનુભવ્યું છે. આથી બાળકોના મનોરથો પૂરા પાડવાનો તેમણે પોતાનો ધર્મ માની લીધો છે. એ મનોરથો પૂરા પાડવા જતાં આપણું દારિદ્ર તેમની આગળ છતું થયું. એ દારિદ્ર છે બાળકને સહજ ગમ્ય હોય એવા સાહિત્યનું. સ્વ. ગિજુભાઈનો પ્રબળ પુરુષાર્થ અને શ્રી ત્રિભુવન વ્યાસની કાવ્ય પ્રતિભાએ એ દારિદ્રને બને તેટલું ઓછું કરવામાં પોતાનો સમર્થ ફાળો આપ્યો હોવા છતાં હજુ પણ એ ક્ષેત્રમાં વેરાનના વિશાળ પટો પડયા છે.

ભાઈ વસન્ત નાયક શિક્ષક હોવા ઉપરાંત એક કુશળ બાલ-ગાયક છે. જેમ જેમ પ્રસંગો આવતા ગયા તેમ તેમ બાળકોના રુચિતંત્રને અનુકૂળ શબ્દસંગીત તે સર્જવા મંડયા. એમાં તેમનો

હેતુ કાવ્ય આપવાનો નહિ પણ શબ્દો અને વર્ણોની સુરાવટભરી યોજનાથી બાળકોની રસવૃત્તિને વિકસાવવાનો રહેતો. આમાંથ તેમણે આપણાં બાળકોને ઢગલા બંધ જોડકણાં આપ્યાં. બાલ-સાહિત્યમાં જોડકણાંનું સ્થાન કેટલું મોટું છે એનો જેને ખ્યાલ હશે તે આ પ્રયત્નોનું મૂલ્ય સહેજે સમજી શકશે.

"હિંડોળો" શ્રી વસન્ત નાયકના પ્રયત્નોની પરંપરા જાળવે છે. એમાં ક્યાંક ક્યાંક તેમની સંવેદના આપણને શુદ્ધ કાવ્યતત્ત્વનું પણ દર્શન કરાવી જાય છે. 'સવાર થઈ'નો ઉઠાવ આવો કાવ્ય-મય છે, અને એ વાંચતાં મન પ્રભાતના વાતાવરણથી ભર્યું ભર્યું બની જાય છે. આ રહી એ પંક્તિઓ—

પરભાત થાય છે
લાખ લાખ તારલાના આગિયાની
પાંખ બંધ થાય છે !

આ જાતની વધુ પંક્તિઓ ભાઇ નાયક પાસેથી મળી શકત તો આપણા કાવ્ય સાહિત્યમાં સારો એવો ઉમેરો અવશ્ય થાત, પણ તેમણે પોતાની ક્ષિતિજો મર્યાદિત રાખવામાં જ સંતોષ માન્યો છે. બાળકોની વચ્ચે બેસી પોતાની મધુર હલકે ગાતાં ગાતાં તેમને સંગીત–મુગ્ધ બનાવી નાચતાં કરી મુકવાં એમાં એમણે પોતાની કૃતકૃત્યતા લેખી છે. યોગ્ય અધિકારીઓના કંઠમાં "હિંડોળા"નાં આ ગીતો રમતાં થઈ જતાં આ પરિણામ અવશ્ય સાધી શકાય.

"હિંડોળા"ને આવકાર આપતાં ભાઈ નાયકને બે શબ્દો

કહેવાના પ્રલોભનને રોકી નથી શકાતું. એક બાલશિક્ષક હોવા ઉપરાંત સારા ગાયક અને શબ્દશિલ્પી હોવાનું સદ્‌ભાગ્ય તેમને વર્યું છે. તે જો શબ્દોના પ્રયોગો અંગે વધુ આકરાં ધોરણ સ્વીકારે; લઘુ ગુરુના નિયમોને સંગીત ખાતર ગૌણ સ્થાને ન રાખે, પ્રાસ માટે વધુ ચોકસાઇ જાળવે અને સપાટી - ઉપરની ઊર્મિથી સંતોષાતાં ઊંડાણમાં જવા પ્રયત્ન કરે તો તેમની સર્જકપ્રતિભાને વધુ સારો ન્યાય તે અપાવી શકે એવી તેમની શક્તિ છે. તેમની શક્તિ વિકસો અને તેનો પૂરો લાભ ગુજરાતના બાળકોને મળો.

સ્નેહરશ્મિ

# બે બોલ

અઢાર ઓગણીસ વર્ષ પહેલાંની વાત છે. ત્યારે ગિજુભાઈના સામર્થ્યપૂર્ણ પ્રયત્નથી બાલશિક્ષણની નૂતન દૃષ્ટિ ગુજરાતમાં પ્રવેશી ચૂકી હતી. પણ બાળગીતો અને તેમાં યે બાલસંગીતનું દારિદ્ર જરાયે ઓછું થયું ન હતું. 'કૂતરું બેઠું હજામત કરવા' જેવાં રમુજીગીતોને 'મારો છે મોર' જેવાં જોડકણાંને, નરસિંહ મીરાંનાં ભજનોને કે હળવા પ્રકારનાં લોકગીતોને બાળકો આગળ અતિ સામાન્ય રાગઢાળમાં રજૂ કરી બાલમન્દિરોમાં સંગીત શરૂ કર્યાનો ત્યારે સંતોષ લેવાતો હતો.

એટલે ૧૯૨૯માં જ્યારે સુરતમાં મેં બાલમન્દિર શરૂ કર્યું ત્યારે આ દારિદ્ર માટે થાય તેટલું પણ કરવા માટે પ્રયત્ન આરંભ્યો. શ્રી મામાવાલા જેવા વિદ્વાન સંગીતજ્ઞનો સહકાર મળતાં એમા બળ પણ મળ્યું. એના પ્રથમ પરિણામ તરીકે ૧૯૩૪માં ફુવારો બહાર પડ્યો. "ફુવારા" એ ગુજરાતના બાલસંગીતમાં કેટલો મહત્વનો ફાળો આપ્યો છે તે સુવિદિત છે.

આ દરમ્યાન પાઠો, જોડકણાં, વાર્તાઓ વગેરે બાલભોગ્ય સાહિત્ય સર્જવામાં ઠીક ઠીક સફળતા મેળવ્યાનો અનુભવ થયો એટલે કવિપણું ન હોવા છતાં બાલગીતો રચવાની ધૃષ્ટતા કરવા તરફ પણ હું વળ્યો. "હિન્ડોળા" માંના 'ચાલો' 'કોયલડી' વગેરે એ વખતનો પ્રાથમિક પરિપાક છે. છતાં **શ્રી 'સ્નેહરશ્મિ'** જેમાં શુદ્ધ કાવ્ય તત્ત્વનું દર્શન કરે છે તે 'પરભાત થાય છે' જેવાં બાળ-ગીતો રચવા સુધી પહોંચવાના સોપાનસમાં એ ગીતો મારા પોતાના આ પ્રથમ ગીત સંગ્રહમાં લેવાનો લોભ હું જતો કરી શક્યો નથી.

સદ્ભાગ્યે પૂર્વ આફ્રિકાના મારા લાંબા ગાળાના નિવાસમાં પણ બાલ શિક્ષણનું પ્રિય કાર્યક્ષેત્ર જ મને મળ્યું ને રહ્યું. એથી બાલકોની ઉર્મિઓ, કલ્પનાઓ, તરંગો, ભાવનાઓ વગેરેમાં ઓત-પ્રોત થવાનું ચાલુ જ રહી શક્યું. એટલે બીજાં બાલસાહિત્ય સાથે બાલગીતો પણ રચાતાં રહ્યાં.

"હિન્ડોળા" પાછળનો આ ઇતિહાસ છે. આ ગીતો રચાયા પછી બાળકો આગળ યોગ્ય રાગઢાળમાં ધરાતાં ગયાં છે અને તે

પછી જરૂરી સુધારા વધારા પણ કરતા ગયા છે. એમ લાંબો વખત થયા પછી એ ગુજરાતી બાળકો માટે આજે પ્રગટ કરવાની મેં હિમ્મત કરી છે.

શ્રી 'સ્નેહરશ્મિ' એ અંગત પરિચય કે કોઇની પણ ભલામણ વિના મારી વિનતિનો સહર્ષ સ્વીકાર કરી જે આવકાર લખી આપ્યો છે તે માટે હું એમનો ઘણો ઋણી બન્યો છું.. આ વખતે બાળગીતો ઉપર વિચાર વિનિમય પણ થઈ શક્યો એથી મને ઘણો લાભ થયો છે. એમનું કવિહૃદય 'હિન્ડોળા' તરફ ભાવ ને મમતા સેવતું હોવા છતાં મારા જેવા અકવિથી રહેતી કચાશ માટે બે બોલ કહ્યા વિના રહ્યું નથી. પણ એથી તો આ આવકારની મારે મન મોટી કિંમત છે. બાળસાહિત્ય ઉપર જરૂરી ચર્ચાઓ થવાનો સમય આપણે ત્યાં ક્યારનો પાકી ચૂક્યો છે. અને એમ થશે તો જ મોટા અક્ષરમાં છાપ્યું તે બાળસાહિત્ય એવી વ્યાખ્યા બંધાવા લાગી છે તેમાંથી બચી શકાશે.

"હિન્ડોળા" સાથે ગુજરાતી બાળકો મનભર ઉમળકાથી હીંચો ને એનાં મધુરાં દર્શન કરી બાળસાહિત્યના લેખનકાર્યમાં મને વધુ બળ મળો.

તા. ૨-૧૧-૪૮

૮, આનન્દનગર
અમદાવાદ

વસન્તનાયક

## :: ઘરશાળા બાલપુસ્તકમાળા ::

લેખક : વસન્ત નાયક

પુષ્કળ ચિત્રો : બાર પુસ્તકો : ૫૦૦ ઉપર પૃષ્ઠ

દેશમાં છ રૂપિયા : પરદેશમાં બાર શિલિંગ

### પહેલા ચાર મણકા બહાર પડી ચૂક્યા છે

૧ વસન્તભાઈની વાતો : પહેલો ભાગ : ૦-૬-૦
[ પહેલા ધોરણનાં બાળકો માટે ]

૨ વસન્તભાઈની વાતો : બીજો ભાગ ; ૦-૬-૦
[ બીજા ધોરણનાં બાળકો માટે ]

૩ વસન્તભાઈની વાતો : ત્રીજો ભાગ : ૦-૯-૦
[ ત્રીજા ધોરણનાં બાળકો માટે ]

૪ વસન્તભાઈની વાતો : ચોથો ભાગ : ૦-૯-૦
[ ચોથા ધોરણનાં બાળકો માટે ]

નાનાં બાળકો પણ જાતે જ રસપૂર્વક
વાંચે ને સહેલાઈથી સમજે એવી શૈલી
અને વસ્તુવાળી આ પ્રથમ પુસ્તિકાઓ છે.

દરેક સારી શાળાએ ને સમજુ માબાપે બાળકના
માનસપ્રદેશ ને વાચનપ્રદેશ વિકસાવવા આ માળાના
ગ્રાહક થઈ જવું જોઈએ.

**ઘરશાળા પ્રકાશન મન્દિર**
**ભાવનગર**

★